# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ,

બિન્દુસરોવર રોડ ,રેલ્વે ફાટક પાસે સિધ્ધપુર જીલ્લો:-પાટણ

ફોનનં (કચેરી)૦૨૭૬૭૨૨૫૩૩૧ (અધિકારી) ૯૯૦૯૩૦૭૦૩૬ email - gwsdeesidhco@gmail.com


જા.નં /પી.બી/પ્રા.ક./ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટી /૭૭/ સને ૨૦૧૮. તા:-૧૫/૦૩/૨૦૨૧.

પ્રતિ

કાર્યપાલક ઇજનેરશ્રી ,

જાહેર આરોગ્ય ધરોઇ યોજના વિભાગ,

મહેસાણા.

વિષય : ગોકુલ ફાઉન્ડેશન,સિધ્ધપુર સંચાલિત ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી ખાતે ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાના પાણી માટે જોડાણ આપવા બાબત દરખાસ્ત.

સંદર્ભ:- ૧. ગોકુલ ફાઉન્ડેશન,સિધ્ધપુરની તારીખ:- ૦૧/૦૩/૨૦૨૧ ની અરજી.

૨ . માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ગાંધીનગરના પત્રાંક/મંત્રી/પા.પુ/ વી.આઇ.પી/ ૧૭૫/ ૨૦૨૦/ તા:૧૫-૦૧-૨૦૨૦

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે ગોકુલ ફાઉન્ડેશન,સિધ્ધપુર સંચાલિત ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી ખાતે ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાના પાણી માટે જોડાણ આપવા સંદર્ભ- ૧ તળેના પત્રથી અરજી કરવામાં આવેલ છે. તદુપરાંત અગાઉના સંદર્ભ-૨ તળેના વી.આઇ.પી સંદર્ભ મુજબ પણ માનનીય શ્રી બલવંતસિંહ સી.રાજપુત ચેરમેનશ્રી ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ ગાંધીનગર ના પત્રાંક/પીએ/ચેરમેન/જી.આઇ.ડી.સી/જીજીયુ/૨૦૨૦/તા:૦૭-૦૧-૨૦૨૦ થી સિધ્ધપુર ખાતે આવેલ ગોકુલ ગ્લોબલ યુનીવર્સીટીને ધરોઇ જુથ યોજનામાંથી પીવાના પાણી નુ કનેકશન આપવા માટે માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ અગાઉ તાંત્રિક કારણોસર ઉક્ત સંસ્થાને પાણીનું ખાનગી જોડાણ આપવા બાબતની દરખાસ્ત થઇ શકેલ નથી.તાજેતરમાં સુજાણપુર તા:- સિધ્ધપુર ને પીવાનું પાણી આપવા માટે સામેલ સ્કેચ પ્લાન મુજબ ગાંગલાસણ ગામ પાસે યાંત્રિક વિભાગ દ્વારા ૮.૫૦ હો.પા. ક્ષમતાનો બુસ્ટર પંપ ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. જે પ્રતિ કલાક ૧.૦૦ લાખ જેટલો પાણીનો જથ્થો સુજાણપુર ગામને સપ્લાય કરે છે. ઉક્ત ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટીને તેમની દૈનિક ૧.૦૦ લાખ લીટર પાણીની માગણી માટે ઉક્ત બુસ્ટર પંપ આશરે એક કલાક જેટલો ચલાવવાનો થાય છે.

આ સાથે ગોકુલ ફાઉન્ડેશન,સિધ્ધપુર સંચાલિત ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી ને ધરોઇ જુથ પાણી પુરવઠા યોજનામાંથી ખાનગી જોડાણ આપવા બાબતની દરખાસ્ત નિયત ચેકલીસ્ટમાં ભરીને જરૂરી બિડાણ સહિત બે નકલમાં સાદર કરવામાં આવે છે, જે જાણ સારૂ.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી

જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ

સિદ્ધપુર.

નકલ સવિનય રવાના પ્રતિ, સેક્રેટરીશ્રી, ગોકુળ ફાઉંડેશન , સિધ્ધપુર તરફ જાણ સારૂ.

# ધરોઇ જુથ પાણી પુરવઠા યોજનામાંથી ખાનગી સંસ્થાને પીવાના પાણીના જોડાણની

## દરખાસ્ત

તાલુકોઃ-સિદ્ધપુર　　　　　　　　　　　　　　　　　જિલ્લોઃ- પાટણ

| અ.નં. | વિષય | વિગત |
|---|---|---|
| ૧ | સંસ્થાનું નામ | ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર. |
| ૨ | સંસ્થાનું સરનામું | મુ.પો.-ગોકુલ એજ્યુકેશનલ કેમ્પસ, સુજાણપુર પાટીયા, આઇ.ઓ.સી ડેપોની સામે, સ્ટેટ હાઇવે નં ૪૧ , સિધ્ધપુર. ૩૮૪૧૫૧. તાલુકોઃ- સિદ્ધપુર, જિ પાટણ. |
| ૩ | સંસ્થા જયાં હયાત હોય તેનો રેવન્યુ પ્લોટ નંબર | રે.સ.નં-૪૨૮/પૈકી ૧ (જુની શરત ) |
| ૪ | સંસ્થા જે જમીન પર છે તેના સાતબારના ઉતારાની માલીકીની વિગત. | (પરિશિષ્ટ -૧ સામેલ છે.) |
| ૫ | પાણીના જોડાણ માટે રજુઆત કરનારનું નામ / હોદો / સરનામું / ફોન નં. / ઇ-મેઇલ આઇડી | સેક્રેટરી, ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર.<br>મો.નં.:- ૯૮૭૯૧૧૨૫૬૦ /૯૦૯૯૦૫૪૨૮૫.<br>Email: ceo@gtc.ac.in & os@gtc.ac.in |
| ૬ | સંસ્થાના રજીસ્ટ્રેશનની વિગત | પરિશિષ્ટ -૨ મુજબ સામેલ છે. |
| ૭ | સંસ્થાની પાણી જોડાણ માટેની અરજી ની તારીખ | તા. ૦૧/૦૩ /૨૦૨૧<br>(પરિશિષ્ટ - ૩ સામેલ છે.) |
| ૮ | સંસ્થાની કેટલા પાણી માટેની દરખાસ્ત છે. | ૧૦૦૦૦૦ ( એક લાખ લીટર પ્રતિ દિવસ ). |
| ૯ | સંસ્થામાં કામ કરતા વ્યકિતઓની સંસ્થા<br>(અ) કાયમી વસવાટ કરતા<br>(બ) રોજગારી માટે કામ કરતા | (અ) ૧૦૦૦ વ્યકિત ( વિદ્યાર્થી તથા સ્ટાફ કાયમી વસવાટ કરે છે.).<br>(બ) ૭૦૦૦ વ્યકિત (વિદ્યાર્થી તથા સ્ટાફ યુનિવર્ષિટીમાં ભણવા તથા ભણાવવા માટે આવે છે ).<br>કુલ ૮૦૦૦ વ્યકિત |
| ૧૦ | સંસ્થાને પાણીના જોડાણનો હેતુ (ઔધોગિક / શૈક્ષણિક/ ધાર્મિક) | શૈક્ષણિક |
| ૧૧ | સંસ્થા સરકારી ધારા ધોરણ મુજબ જોડાણ સ્વ ખર્ચે લેવા તેની નિભાવણી તથા પાણી વેરો ભરવા સહમત છે કે કેમ? | હા,<br>(સંસ્થાનું સહમતિ પત્ર પરિશિષ્ટ -૪ પર સામેલ છે.) |
| ૧૨ | સંસ્થાને અગાઉ પાણીનું જોડાણ આપેલ છે? જો આપેલ હોય તો, કેટલા તથા કેટલી પાણીની જરૂરિયાત માટે કનેકશન આપેલ છે? | ( ના)<br>............. નંગ જોડાણ<br>..............લીટર / દિવસ |
| ૧૩ | સંસ્થા દ્વારા પાણી કનેકશન બાબતે બોર્ડ સાથે પાણી વેરાની રીકવરી બાબતે કોઇ કોર્ટ કેસ થયેલ છે? | ( ના)<br>(વિગતો સામેલ રાખવી) |
| ૧૪ | કઇ જુથ યોજનામાંથી જોડાણ આપવાનું છે? | ધરોઇ જુથ પાણી પુરવઠા યોજના |

| | | |
|---|---|---|
| ૧૫ | જુથ યોજનાના સેકશનની વિગત | ગાંગલાસણ થી સુજાણપુર સુધીની બ્રાંચ પાઇપ લાઇ૦ ૧૪૦ મીમી પીવીસી ૬ કેજી/સેમી² |
| ૧૬ | પાણીનું જોડાણ આપવાના થતાં પોઇન્ટનું ચેઇનેજ | ૮૦૦ મીટર (ગાંગલાસણ ગામથી ). |
| ૧૭ | જુથ યોજનાની પાઇપ લાઇનનો વ્યાસ તથા પાઇપનો પ્રકાર | ૧૪૦ મીમી પીવીસી ૬ કેજી/સેમી² |
| ૧૮ | પાણીનું જોડાણ માંગેલ પાઇપ લાઇનની વહન ક્ષમતા | ૦.૮૦ એમ.એલ.ડી. |
| ૧૯ | સંસ્થાને માથાદીઠ પાણી આપવાની ભલામણ<br>(અ) કાયમી વસવાટ કરતા (૩૦ LPCD)<br>(બ) રોજગારી માટે કામ કરતા (૧૦ LPCD) | (અ) ૧૦૦૦ x ૩૦ = ૩૦,૦૦૦ લીટર<br>(બ) ૭૦૦૦ x ૧૦ = ૭૦,૦૦૦ લીટર<br>કુલ:- ૧,૦૦,૦૦૦ લીટર |
| ૨૦ | સંસ્થાને આપવાના થતાં પાણીના જથ્થા માટે ભલામણ | ૧,૦૦,૦૦૦ ( એક લાખ લીટર પ્રતિ દિવસ ). |
| ૨૧ | સંસ્થાને પાણી આપવાનો દર | રૂા. ૧૦ / ૧૦૦૦ લીટર |
| ૨૨ | જુથ યોજનામાં ઉપલબ્ધ પાણીનો જથ્થો | એમ.એલ.ડી. |
| ૨૩ | જુથ યોજનામાં સમાવિષ્ટ ગ્રામ્ય / શહેરી વિસ્તારને પહોંચાડવાનો થતો પાણીનો જથ્થો | એમ.એલ.ડી. |
| ૨૪ | જુથ યોજનામાંથી કેટલી ખાનગી સંસ્થાઓને કેટલા પાણીના જથ્થા માટે કનેકશન આપવામાં આવેલ છે? | સંખ્યા<br>એમ.એલ.ડી. |
| ૨૫ | જુથ યોજનામાંથી ખાનગી સંસ્થાઓને મંજુર થયેલ જોડાણ ઉપરાંત હાલમાં પ્રોસેસમાં હોય તેવી પાણી જોડાણ ની દરખાસ્તોની પાણીની જરૂરિયાત | સંખ્યા |
| ૨૬ | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની સ્થળ મુલાકાતની તારીખ | તા. ૦૮/૦૩/ ૨૦૨૧.<br>(સ્થળ મુલાકાત અંગેનું પ્રમાણપત્ર પરિશિષ્ટ-૫ મુજબ સામેલ છે.) |
| ૨૭ | સંસ્થાને ટુંકા ગાળા માટેનું જોડાણ છે કે લાંબાગાળાનું ? | લાંબાગાળાનું |
| ૨૮ | જો ટુંકાગાળા માટે જોડાણ હોય તો તેનો વર્ષ દરમ્યાનનો સમયગાળો | ---- |
| ૨૯ | જુથ યોજનામાં સમાવિષ્ટ ગામ / શહેરી વિસ્તારોમાંથી આજદિન સુધી વસુલ કરવાનો થતો પાણીવેરો | રૂા. લાખમાં<br>(પરિશિષ્ટ- ૬ ) |
| ૩૦ | જુથ યોજનામાં સમાવિષ્ટ ગામ / શહેરી વિસ્તારોમાંથી આજદિન સુધી વસુલ કરેલ પાણીવેરો | રૂા. લાખમાં<br>(પરિશિષ્ટ- ૬ ) |

| | | |
|---|---|---|
| ૩૧ | જુથ યોજનામાંથી આપવામાં આવેલ ખાનગી કનેકશનો દ્વારા આજદિન સુધી વસુલ કરવાનો થતો પાણીવેરો (પેનલ્ટી સહિત) | રૂા. લાખમાં (પરિશિષ્ટ- ૭ ) |
| ૩૨ | જુથ યોજનામાંથી આપવામાં આવેલ ખાનગી કનેકશનો દ્વારા આજદિન સુધી વસુલ કરેલ પાણીવેરો | રૂા. લાખમાં (પરિશિષ્ટ- ૭ ) |
| ૩૩ | જુથ યોજનામાંથી આપવામાં આવેલ ખાનગી કનેકશનો દ્વારા આજદિન સુધી વસુલ કરવાનો બાકી પાણીવેરો | રૂા. લાખમાં (પરિશિષ્ટ- ૭ ) |
| ૩૪ | સંસ્થાને જોડાણ આપવાના થતાં સ્થળનો કી-પ્લાન | પરિશિષ્ટ- ૮ મુજબ સામેલ છે. |
| ૩૫ | અન્ય વિગતો | દરખાસ્ત મંજુર કરવા ભલામણ છે |

આમ, ધરોઇ જુથ પાણી પુરવઠા યોજનાના સિદ્ધપુર ગ્રુપના કહોડા હે.વ.થી ગાંગલાસણ થી સુજાણપુર સેક્શનમાંથી ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર. , મુ.પો.-ગોકુલ એજ્યુકેશનલ કેમ્પસ, સુજાણપુર પાટીયા, આઇ.ઓ.સી ડેપોની સામે, સ્ટેટ હાઇવે નં ૪૧ , સિધ્ધપુર. તાલુકો-સિદ્ધપુર ,જીલ્લો પાટણ ને શૈક્ષણિક કારણોસર દૈનિક ૧,૦૦,૦૦૦ ( એક લાખ લીટર) પીવાના પાણીની જરૂરીયાત માટે જોડાણ આપવા ભલામણ છે. સંસ્થાને જોડાણ આપવાથી જુથ યોજનામાં સમાવિષ્ટ ગામ / શહેરોને પાણી વિતરણને કોઇ અસર પહોંચશે નહીં.

કાર્યપાલક ઇજનેર
જા.આ.ધરોઇ યોજના વિભાગ
મહેસાણા

નાયબ કાર્યપાલક ઇજનેર
જા.આ.સુખાકારી પેટા વિભાગ
સિદ્ધપુર

મુખ્ય ઇજનેર
ઝોન-૨ અમદાવાદ

અધિક્ષક ઇજનેર
જાહેર આરોગ્ય વર્તુળ
મહેસાણા